# સત્યાગ્રહ છાવણી-અક્ષરધામ પાસેથી ૧૪૦૦ આશાવર્કરોની અટકાયત




ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં સત્યાગ્રહ છાવણી ખાતે હાલના સમયે આંદોલનની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. રાજયમાં ચુંટણીના ભણકારા વાગતા જ વિવિધ સંગઠનના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ લઈને મેદાને આવી ગયા છે. ત્યારે આજે રાજયભરમાંથી સત્યાગ્રહ છાવણી ખાતે આશાવર્કર બહેનો પોતાની માંગણીઓ મુદ્દે ધરણા કરવાની હતી. પરંતુ આશાવર્કર બહેનોને છાવણી ખાતે તંત્ર દ્વારા ધરણાની મંજુરી મળી ન હતી. જેથી સવારથી જ છાવણી ખાતે પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો. જયારે સવારે ૧૦ વાગ્યાના અરસામાં છાવણી અને અક્ષરધામ પાસે મોટીસંખ્યામાં આશાવર્કરો ઉમટી પડતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે છાવણી-અક્ષરધામ મળીને કુલ-૧૪૦૦ થી વધુ આશાવર્કરોની અટકાયત કરી હતી. મળતી માહિતી મુજબ રાજયના આંગણવાડી કેન્દ્રોમાં સરકાર દ્વારા લઘુતમ વેતન સહિતના નિયમોનું વર્ષોથી સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. પાટનગરમાં આશાવર્કરો દ્વારા પોતાની પડતર માંગણીઓ મુદ્દે વારંવાર આવેદન પત્રો અને ધરણા પ્રદર્શનો યોજવામાં આવ્યા છે. તેમ છતા સરકારના બહેરા કાને આશાવર્કરોનો અવાજ સંભળાતો નથી. કોરોના મહામારીના સમયમાં પણ આશાવર્કરોએ જોખમી કામગીરી કરી હતી. તેમ છતા કોરોના વોરીયર્સ તરીકે તેમની વર્ષોથી પડતર માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારમાં આવતી નથી.

ત્યારે આજે પાટનગરની છાવણી ખાતે આશાવર્કરો દ્વારા ધરણા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરંતુ તંત્ર દ્વાર મંજુરી મળી ન હતી. જેથી છાવણી ખાતે પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ત્યારે છાવણી અને અક્ષરધામ ખાતે મોટીસંખ્યામાં આશાવર્કરો બહેનો આવી જતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. પોલીસે બંન્ને સ્થળ પરથી અંદાજીત ૧૪૦૦ જેટલી બહેનોની અટકાયત કરી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ધણપ ગામમાં ઉમળકાભેર આવકાર

### કોઈ તકલીફ હોય તો કહેજો તેમ કહી લોકોનું હૈયું હળવું કર્યું



ચિલોડા, તા. ૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દહેગામના કંથારપુરાની મુલાકાત લીધા બાદ પરત ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે ધણપ ગામની મુલાકાત લીધી હતી. ધણપ ગામના ભાજપના અગ્રણી લાલભાઈ ચૌધરી તેમજ ગ્રામજનોએ મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. મુખ્યમંત્રી કારમાંથી નીચે ઉતર્યા હતા અને લોકોને સામાન્ય માણસની જેમ મળ્યા હતા. માત્ર એટલું જ નહી પણ લોકોની વચ્ચે જઈને કહ્યું હતું કે કોઈ તકલીફ હોય તો કહેજો તેવું અંતઃકરણથી પૂછતાં લોકો ભાવવિભોર થઈ ગયા હતા. ગામ લોકોએ કહ્યું કે આજ સુધી અમે આવા મુખ્યમંત્રી જોયા નથી કે જે સામાન્ય લોકોની વચ્ચે આવીને ઉભા રહી જાય છે. મુખ્યમંત્રી ધણપ ગામના લોકો વચ્ચે આવતાં એ દૃશ્યો લોકો માટે યાદગાર બની ગયા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાચા અર્થમાં કોમનમેન છે અને વારંવાર તેઓ તેની પ્રતીતિ કરાવતા રહે છે. સામાન્ય માણસને સહજતાથી મળતા મુખ્યમંત્રીએ રાજ્યની જનતાના દિલ જીત્યા છે. આજે તેઓ દહેગામ પાસેના કંથારપુરામાં આવ્યા હતા અને અહીંયા તેઓ બાળકોને વ્હાલથી મળ્યા હતા અને બાળકો સાથે ગોષ્ઠિ પણ કરી હતી. માત્ર એટલું જ નહીં તેમણે બાળકો સાથે શિક્ષણને લગતા સવાલો પણ કર્યા હતા. લોકોએ કહ્યું આજની અમુલ્ય ક્ષણ અમારા માટે કિંમતી બની અને અમે આ ક્ષણને આજીવન ભુલીશું નહી તેવું પણ લોકોએ કહ્યું હતું.



સેકટર-૬/૭ના કટ પાસે એકિટવા અને ઈનોવા કાર વચ્ચે અકસ્માત થયો હતો. એકિટવા સવાર બે વ્યકિતઓને ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જો કે અકસ્માત બાદ ઈનોવા ચાલક ફરાર થઈ ગયો હતો.

## ખૂણેખાંચરેથી

- કલોલના લાંચ પ્રકરણમાં પકડાયેલ મામલતદારની જામીન અરજી આજે ના મંજૂર થઈ છે.
- ગાંધીનગરમાં આજે આશ્રમશાળાના કર્મયોગીઓની તેમના પ્રશ્નોને લઈ એક બેઠક મળી હતી.
- આશા કાર્યકરોએ આજે તેમના પ્રશ્નો અંગે રાજયના આરોગ્ય મંત્રીશ્રીને રજુઆત કરી છે.
- અધિક નિવાસી કલેકટર સુશ્રી રિતુસિંઘે આજે નાયબ મામલતદાર મહેસુલ અને શિરસ્તેદારો સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ૧૩મી મેના રોજ સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં કલેકટર કોન્ફરન્સ યોજવામાં આવનાર છે.
- ગાંધીનગર જિલ્લાના પ્રા. શિક્ષકોને વિકલ્પ આપવા માટેનો કેમ્પ ૧૩મી મેના રોજ યોજવામાં આવનાર છે.
- કાનપુર ગામે પંચદેવ મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.
- આજથી સુરત ખાતે શરૂ થતી મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ગાંધીનગર મનપાની ટીમો રવાના થશે.
- ગરમીના પ્રકોપને લઈ જિલ્લા શહેરમાં પાણીની માંગમાં તીવ્ર વધારો થયો છે.

## રાજ્યમાં નોટરીની ૧,૬૬૦ જગ્યાઓ ભરવા માટે ૧૬મે થી ઈન્ટરવ્યુની પ્રક્રિયા શરૂ કરાશે

**બોટાદ, પોરબંદર, મોરબી, દેવભૂમિ દ્વારકા, નર્મદા, ડાંગ, તાપી અને છોટાઉદેપુર જિલ્લાના ઉમેદવારોની પ્રથમ તબક્કામાં તેમજ બાકીના જિલ્લાના ઉમેદવારોની ઇન્ટરવ્યુ પ્રક્રિયા તબક્કાવાર શરૂ કરાશે**

ગાંધીનગર, તા. ૧૦

નાગરિકોને પોતાના ગામ-તાલુકામાં વધુ સરળતાથી નોટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના નિર્ધાર સાથે ગુજરાતમાં નોટરીની કુલ ૧,૬૬૦ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કામાં બોટાદ, પોરબંદર, મોરબી, દેવભૂમિદ્વારકા, નર્મદા, ડાંગ, તાપી અને છોટાઉદેપુર એમ આઠ જિલ્લાના ધારાશાસ્ત્રીઓ-ઉમેદવારો માટે આગામી ૧૬ મે-૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે ઈન્ટરવ્યુ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેમ કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

મંત્રી ત્રિવેદીએ કહ્યું હતું કે ઈન્ટરવ્યુની સમગ્ર પ્રક્રિયા ઝડપી, સરળ અને ન્યાયિક થાય તે માટે કુલ ત્રણ બોર્ડની રચના કરવામાં આવી છે. નોટરીની કુલ-૧,૬૬૦ જગ્યાઓ માટે ધારાશાસ્ત્રીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. રાજ્યભરમાંથી આવેલી અરજીઓની સ્ક્રુટીની કર્યા બાદ ૧૦,૪૨૭ જેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે લાયક ગણવામાં આવ્યા છે. આ ઈન્ટરવ્યુની કામગીરી આગામી સપ્તાહથી એટલે કે તા. ૧૬-૫-૨૦૨૨થી બ્લોક નં-૧ના ચોથા માળે, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા ખૂબજ ઝડપી પૂર્ણ કરીને રાજયભરમાં ૧,૬૬૦ જગ્યાઓ ઉપર નોટરીઓની નિમણૂક આપવામાં આવશે.

## ફિરોજપુર ગામની સીમમાંથી જુગાર રમતા ૮ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ફિરોઝપુર ગામની સીમમાં ખેતરની ઓરડીની બહાર બાજી માંડીને કુંડાળુ વળીને બેઠેલા ૮ જુગારીઓને ડભોડા પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા.તે સયમે પોલીસને બાતમી મળી હતી કે ફિરોઝપુર ગામની સીમમાં શંભુજી માલાજી જાદવના ખેતરમાં ઓરડીની ઓસરીમાં બેટરીના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ દરોડા દરમિયાન પોલીસે ૮ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા.જયારે પોલીસને જોતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓના નામ પુછતા ભુપત કાનાજી ઠાકોર, રોહિત રમણ પ્રજાપતિ, રાજુ હિરાભાઈ મકવાણા, મેલાજી પ્રતાપજી જાદવ, ભરત શનાજી ઠાકોર, સુનિલસિંહ બાદરસિંહ ઝાલા, ગુગાભાઈ મહીજીભાઈ રાવળ, અને બાબુજી ડાહ્યાજી જાદવનો સમાવેશ થાય છે.

## ઓપન ગુજરાત ચેસ એસોશીએશન દ્વારા સાતમી ચેસ ટુર્નામેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ચેસ કલબ દ્વારા ગાંધીનગર સેકટર ૧૦ ખાતે આવેલા જુના સચિવાલય ખાતે સાતમી ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર -૯, અંડર - ૧૩, અંડર -૧૭, તેમજ ઓપન કેટેગરી એમ જુદી-જુદી ચાર કેટેગરીમાં અમદાવાદ-ગાંધીનગર તેમજ ગાંધીનગરની આસપાસના વિસ્તારોના કુલ ૧૫૦ થી વધુ પ્લેયરોએ ભાગ લીધો હતો. ગાંધીનગર ચેસ કલબ દ્વારા યોજવામાં આવેલી ચેસ ટુર્નામેન્ટમાં ઓપન કેટેગરીમાં વિજેતા થયેલા પ્રથમ ૧૦ ખેલાડીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. જ્યારે અંડર -૯, અંડર - ૧૩, અંડર -૧૭, કેટેગરીમાં વિજેતા થયેલા પ્રથમ ત્રણ ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર મેડલ અને પ્રમાણપત્ર તેમજ બધી જ કેટેગરીમાં ચારથી દસ ક્રમાંકમાં આવેલા સાત ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. જ્યારે અન્ય બધા જ ખેલાડી ને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. વધુ માહિતી માટે સંપર્ક કરો : રોહીત ત્રિવેદી ૯૭૨૩૭ ૮૭૬૦૯, પી.એમ. ઝાલા ૯૯૦૪૪ ૧૭૮૨૭

## ધોળેશ્વર મહાદેવ નજીક થી દેશી બનાવટની બંદુક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિરની નજીકથી હાથ બનાવટની દેશી બંદુક સાથે એસઓજી પોલીસે ડફેરને પકડી પાડ્યો છે.આ વિસ્તારમાં શખ્સ કેટલાક દિવસથી ફરી રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી.જયારે પોલીસે બે હજારની દેશી બનાવટની બંદુક કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરી વિસ્તારમાં એસઓજી ટીમ પેટ્રોલીંગમા હતી, તે સમયે બાતમી મળી હતી. ધોળેશ્વર મહાદેવ મંદિર નજીક નદી વિસ્તારમાં એક શખ્સ બંદુક સાથે ફરી રહ્યો છે. જેથી એસઓજી પોલીસ તાત્કાલીક ધોળેશ્વર મંદિર ખાતે પહોંચી હતી. ત્યાં નજીક થી એક શખ્સને દેશી બનાવટની બંદુક એક શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સનું નામ પુછતા તેણે અલ્તાફ ગુલાબ વિરાભાઈ ડફેર (રહે.વડાવી કડી) હોવાનું જણાવ્યું હતુ. તેની પાસેથી ચાર ફુટ લાંબી દેશી દેશી બનાવટની બંદુક મળી આવી હતી. ચાર ફુટ લાંબી દેશી બંદુક જે લાકડાના હાથાવાળી અને લોખંડની બેરલ ફીટ કરી નીચે પતરાનું ટ્રીગર બનાવ્યું હતું. જયારે બંદુક અંગે શખ્સ પાસે પરવાનો માંગ્યો હતો. પરંતુ તે શખ્સ આપી શક્યો ન હતો.એસઓજી પોલીસે રૂ.૨ હજારની બંદુક જપ્ત કરી શખ્સની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## અરણ્યભવનના ધાબા પર આગ ભભુકી ઉઠી



આજે બપોરના બે વાગ્યાના અરસામાં ચ-૩ પાસે આવેલા અરણ્ય ભવનના ધાબા પરથી આગના ધુમાડા દેખાવા લાગ્યા હતા. જેને પગલે અરણ્યભવન ખાતે નોકરી કરતા અધિકારી-કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જયારે ફાયર વિભાગને કોલ મળતા જ સ્થળ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. જો કે અરણ્ય ભવનના ધાબા પર સૌર ઉર્જા માટે લગાવેલી પ્લેટોમાં આગ ભભુકી ઉઠી હતી. આ આગમાં ૬ થી વધુ સૌર ઉર્જાની પ્લેટ અને બિન જરુરી ફર્નિચર આગની ઝપેટમાં સ્વાહા થઈ ગયો હતો.

## વેદાંતા એલ્યુમિનિયમે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે એમઓયુ સાઈન કર્યા




ગાંધીનગર, તા. ૧૦

એલ્યુમિનિયમમાં ભારતની સૌથી મોટી ઉત્પાદક વેદાંતા એલ્યુમિનિયમે તેના સુરક્ષા વ્યાવસાયિકો માટે સંશોધન, તાલીમ અને શૈક્ષણિક પહેલને પ્રોત્સાહન આપવા માટે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) એ વિશ્વની એક પ્રખ્યાત અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે જે ફોરેન્સિક અને હોમલેન્ડ સિક્યુરિટીમાં હાઈ સ્કિલ્સ વ્યાવસાયિકોના ઉત્પાદન માટે જાણીતી છે. NFSUના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ અને અવતાર સિંઘ મુખ્ય સુરક્ષા અને ગુપ્તચર અધિકારી, એલ્યુમિનિયમ બિઝનેસ - વેદાંતા લિમિટેડ, NFSU ના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ. વ્યાસની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ ઉદ્યોગ-શૈક્ષણિક ભાગીદારી સાથે વેદાંત એલ્યુમિનિયમ NFSU ની મજબૂત શિક્ષણશાસ્ત્ર અને સમૃદ્ધ કુશળતાનો લાભ લેવા માગે છે. તેના સુરક્ષા વ્યાવસાયિકોને NFSUની નોલેજ પાઈપલાઈનમાંથી મેળવવાની તકો આપવી, અને તેના વિકાસને વેગ આપવો તે પ્રાથમીક ઉદ્દેશ્ય છે.

## આઠ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓ મુખ્યમંત્રીને મળ્યા



ગાંધીનગર, તા. ૧૦

આ ૮ અધિકારીઓ ગુજરાત કેડરમાં ફાળવાયેલા છે અને રાજ્યના વિવિધ જીલ્લામાં તેમની તાલીમ પૂર્ણ કરીને બીજા તબક્કાની તાલીમ માટે તેઓ આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટર મસુરી ખાતે જવાના છે.

આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ જિલ્લાની પોતાની તાલીમ દરમિયાનના અનુભવો મુખ્યમંત્રી સાથે શેર કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને રાજ્યની વિકાસયાત્રામાં તેમનું યોગદાન મળતું રહે અને તાલીમ બાદ તેઓ જ્યારે ગુજરાત પરત આવે ત્યારે આ વિકાસ યાત્રામાં પોતાનું ઉત્કૃષ્ટ કાર્ય પ્રદાન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, સ્પીપાના મહાનિયામક આર.સી. મીના, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ આ મુલાકાત બેઠક દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

## સેક્ટર-૨ સી ના રહેણાંક વિસ્તારમાંથી વિદેશી દારૂની ૧૧૦ બોટલ ઝડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨ સી ખાતે રહેણાંક ઘરમાં પેટી પલંગ અને કબાટમાં સંતાડી રાખેલી વિદેશી દારુની ૧૧૦ બોટલ એલસીબી-૨ પોલીસે પકડી પાડી હતી. પોલીસે સેકટર-૨ માંથી રૂ.૪૮ હજારથી વધુનો વિદેશી દારુની બોટલનો મુદ્દામાલ કબ્જે કરી પાલજના બુટલેગરને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસે પેટ્રોલીંગમા હતી તે સમયે બાતમી મળી હતી કે સેકટર-૨ સી પ્લોટ નં.૧૬૦૦-૨ મકાન ખાતે ભાડેથી રહેતા અજયસિંહ રતનસિંહ બિહોલા વિદેશી દારુનો વેપાર કરે છે. જયારે તેઓ પાલજ ગામના વતની છે. જેથી પોલીસે બાતમીને પગલે રેડ પાડીને મકાનની અંદર રૂમમાં રહેલા પેટી પલંગની અંદર અને કબાટમાંથી મળીને કુલ નંગ-૧૧૦ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. જયારે બુટલેગર અજયસિંહ પાલજ મહાકાળી માતા વાસ ખાતે રહે છે.જયારે સેકટર-૨ માં મકાન ભાડે રાખી દારૂ સંતાડી દારૂનો વેપાર ચલાવે છે. પોલીસે રૂ.૪૮ હજારથી વધુની કિંમતનો દારુ કબ્જે કરી બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેલમહાકુંભ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા મગોડી ખાતે યોજાઈ



ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે ખેલ મહાકુંભ-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધમાં મગોડી પી.આર. ઠક્કર વિદ્યા વિહારની શાળાની બહેનો અને ભાઈઓની ટીમે બીજો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ તે બદલ શાળાના પ્રિન્સિપાલ મનુભાઈ પ્રજાપતિ અને રમતવીરો તથા શાળાના શિક્ષક જે.બી. ચૌધરીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ : (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૦૭૯-૪૦૦૧૬૨૦૦/૨૭૫૪૧૧૪૮
સ્નાતક પ્રવેશ જાહેરાત વર્ષ : ૨૦૨૨-૨૩
વિષય :- બી.આર.એસ., અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બી.એસસી., બી.વોક., બી.પી.ઈ.એસ., બી.સી.એ.
કેન્દ્રીય વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષા માટે અરજી ફોર્મ ભરવા માટે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org અથવા https://cuet.samarth.ac.in/ પરથી ઑનલાઈન ફોર્મ ભરી શકાશે.
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨/૦૫/૨૦૨૨ છે.
(ધોરણ-૧૨ની પરીક્ષા આપી હશે તે પણ ફોર્મ ભરી શકશે.)
તા. ૦૯/૦૫/૨૦૨૨ ડો. નિખિલ ભટ્ટ, કા. કુલસચિવ